For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ગણેશ વિસર્જનના દિવસે મુખ્ય માર્ગો બંધ

**સવારે** 6 વાગ્યાથી વિસર્જન પૂર્ણ થાય ત્યાં સુધી રાજમાર્ગો અને ઓવારા તરફ જતા રસ્તાઓ બંધ રહેશે

સુરતઃ આગામી તા. 25 સપ્ટેમ્બરે યોજનારા શ્રીજી વિસર્જનને ધ્યાનમાં રાખીને સુરત શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા જાળવવા પોલીસ કમિશનર ઈનચાર્જ વાબાંગ જામીર દ્વારા હંગામી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

વિસર્જનના દિવસે ગણેશજીની પ્રતિમાઓ સાથે નીકળનારાં સરઘસો અને ઓવારા ખાતે ભેગી થનારી ભીડને ધ્યાનમાં રાખીને શહેરના વિવિધ મુખ્ય માર્ગો પર સામાન્ય વાહનવ્યવહાર બંધ કરી વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ જાહેરનામું 25 સપ્ટેમ્બરે સવારે 6 વાગ્યાથી વિસર્જન પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.



### રાજમાર્ગ સંપૂર્ણ બંધ

દિલ્હી ગેટ ચાર રસ્તાથી ગલેમંડી, રૂવાળા ટેકરા, ભાગળ, જૂની લાલગેટ, ચૌટા બ્રિજ થઈ નેહરુ બ્રિજ સુધીનો રાજમાર્ગ સામાન્ય વાહનો માટે બંધ રહેશે. કાંસકીવાડથી ભાગળ ચાર રસ્તા, ભાગળથી નવસારી બજારનો માર્ગ બંધ રહેશે.

### વૈકલ્પિક માર્ગ

દિલ્હી ગેટથી લિનિયર રિંગ રોડનો વૈકલ્પિક માર્ગ ઉપયોગ કરી શકશે.

### લટુરીયા ચોકથી સરથાણા જકાતનાકા સુધીનો માર્ગ બંધ



### આ માર્ગનો ઉપયોગ કરી શકાશે

વાહનચાલકો ભગવાનનગર સોસાયટી થઈ સીમાડા ચાર રસ્તા અથવા વીટીનગર થઈ નવજીવન સર્કલ તરફ જઈ શકશે.



### અઠવા-ડુમસ તરફના માર્ગો પણ બંધ

મકાઈ પુલથી નાનપુરા ચોકી થઈ અઠવા ગેટ તથા અઠવા ગેટ સર્કલથી બહુમાળી બિલ્ડિંગ થઈ નાવડી ઓવારા તરફનો માર્ગ બંધ રહેશે. વેસુ ચાર રસ્તાથી વાય જંક્શન સુધી વિસર્જન તથા એરપોર્ટ જતાં વાહનો સિવાયનો વાહનવ્યવહાર બંધ રહેશે. ડુમ્મસ ઓવારા તરફ કુવાડા ત્રણ રસ્તા અને ડુમસ લંગર તરફથી આવતા રસ્તાઓ પણ બંધ રહેશે.

### કંથારિયા હનુમાન ચોકથી કોઝવે તરફનો માર્ગ બંધ



### વૈકલ્પિક માર્ગ

ટ્રાફિક ડભોલી બ્રિજ તરફ વાળવામાં આવશે. ગજેરા રત્નમાલા સર્કલથી લંકાવિજય ઓવારા તરફ જતાં વાહનોને ગજેરા લેકવ્યુ સર્કલ, કાંસાનગરથી યુ-ટર્ન લઈ ઓવરબ્રિજ પરથી જવાની વ્યવસ્થા કરવામાં આવી છે.



### ઉધના સાંઈ પોઈન્ટ ચાર રસ્તાથી ભરવાડનગર તરફનો માર્ગ વિસર્જન સિવાયનાં વાહનો માટે બંધ રહેશે

**આ માર્ગનો ઉપયોગ કરવો**

વાહનચાલકો ગોડાદરા ચાર રસ્તા, નીલગીરી અથવા વારિગૃહ થઈ પ્રમુખ પાર્ક બ્રિજ પરથી ઉધના તરફ જઈ શકશે.









### આ વાહનોને મુક્તી

પોલીસ, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ સહિતના આવશ્યક સેવાના સરકારી વાહનોને જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવી છે. જાહેરનામાનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 223 તથા ગુજરાત પોલીસ એક્ટ-1951ની કલમ 131 હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# DGVCLVનો ગ્રાહકોને વીજ બિલના ચાર્જમાં કરંટ

**દક્ષિણ** ગુજરાત વીજ કંપનીના ગ્રાહકોને જુલાઈથી ઝટકો

**FPPAS** ₹.2.30થી વધીને ₹.2.45 પ્રતિ યુનિટ

**3.99 ટકા** વેરિએબલ ચાર્જની વસૂલાત કરાશે

સુરતઃ મોંઘવારી વચ્ચે વીજ ગ્રાહકો માટે વધુ એક ખર્ચ વધવાનો છે. દક્ષિણ ગુજરાત વીજ કંપની સહિત રાજ્યની વીજ વિતરણ કંપનીઓ દ્વારા વસૂલવામાં આવતા ફ્યુઅલ એન્ડ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટ સરચાર્જ (FPPAS) માં વધારો કરવામાં આવ્યો છે. નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળાની ગણતરી બાદ 1 જુલાઈ 2026થી FPPASનો બેઝ દર ₹.2.45 પ્રતિ યુનિટ નક્કી કરવામાં આવ્યો છે.

અગાઉ એપ્રિલ 2026થી બેઝ FPPAS તરીકે ₹.2.30 પ્રતિ યુનિટ વસૂલવામાં આવતો હતો. એટલે હવે પ્રતિ યુનિટ 15 પૈસાનો વધારો થયો છે. આ ઉપરાંત ગ્રાહકોના બિલમાં 3.99 ટકા વેરિએબલ FPPAS પણ લાગુ થશે. પરિણામે કૃષિ સિવાયના ગ્રાહકોના વીજ બિલમાં અગાઉની સરખામણીએ વધારાનો ચાર્જ જોવા મળશે. નવી વ્યવસ્થા મુજબ ગ્રાહકો પાસેથી માત્ર ₹.2.45 પ્રતિ યુનિટનો બેઝ FPPAS જ નહીં, પરંતુ તેની સાથે 3.99 ટકા વેરિએબલ FPPAS પણ વસૂલવામાં આવશે. આ 3.99 ટકાની ગણતરી ગ્રાહકના એનર્જી ચાર્જ, બેઝ FPPAS અને ફિક્સ્ડ અથવા ડિમાન્ડ ચાર્જના આધારે કરવામાં આવશે. જોકે કેટલાક ચાર્જ પર આ વેરિએબલ FPPAS લાગુ નહીં પડે. એક્સેસ ડિમાન્ડ ચાર્જ, ToU ચાર્જ તથા

...અનુસંધાન પાના 9 પર

### કૃષિ વીજગ્રાહકો પર ચાર્જ લાગુ કરાયો નથી

આ વધારો મુખ્યત્વે કૃષિ સિવાયના વીજ ગ્રાહકોને લાગુ પડશે. એટલે કે ઘરેલુ, કોમર્શિયલ અને ઔદ્યોગિક સહિતની વિવિધ કેટેગરીના ગ્રાહકોના બિલમાં નવા FPPAS દર મુજબ વધારાની વસૂલાત થશે. બીજી તરફ કૃષિ વીજ ગ્રાહકોને આ FPPASમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. ગુજરાત સરકાર દ્વારા કૃષિ વીજ વપરાશ માટે DISCOMને સબસિડી આપવામાં આવતી હોવાથી કૃષિ ગ્રાહકો પર આ ચાર્જ લાગુ કરવામાં આવ્યો નથી.

### જુલાઈનું બિલ નવા બિલમાં ઉમેરાઇને આવશે

1 જુલાઈ 2026થી આગામી સૂચના ન મળે ત્યાં સુધી નવા દર મુજબ FPPASની વસૂલાત ચાલુ રહેશે. એટલે જુલાઈથી મળનારા વીજ બિલમાં ગ્રાહકોને FPPASનો વધારાનો બોજ જોવા મળશે. ખાસ કરીને વધુ યુનિટ વીજળી વાપરતા ઘરેલુ, કોમર્શિયલ અને ઔદ્યોગિક ગ્રાહકો માટે FPPASના વધેલા દરની સાથે 3.99 ટકા વેરિએબલ ચાર્જ પણ બિલની કુલ રકમમાં વધારો કરી શકે છે.

### FPPAS શું છે?

વીજ કંપનીઓને વીજ ઉત્પાદન અને વીજ ખરીદી દરમિયાન ઈંધણના ભાવ, પાવર ખરીદીના ખર્ચ સહિતના ખર્ચમાં થતા ફેરફારની ભરપાઈ કરવા માટે FPPAS વસૂલવામાં આવે છે. આ ચાર્જ સમયાંતરે ખર્ચના આધારે બદલાતો રહે છે. હાલના સુધારેલા દરને કારણે કૃષિ સિવાયના વીજ ગ્રાહકો માટે જુલાઈથી વીજ બિલમાં વધારાનો ચાર્જ જોડાશે. આમ, વીજ વપરાશના સામાન્ય ચાર્જ ઉપરાંત FPPASનો વધારાનો બોજ પણ ગ્રાહકોના માસિક બજેટને અસર કરશે.

# ભાઈની નજર સામે જ બસે બહેનને કચડી નાંખી

**કાપોદ્રા** ધારુકાવાલા કોલેજ સામે બ્રિજ પર એસટી બસનો અકસ્માત

**પાછળ** બેઠેલી યુવતી નીચે પટકાતાં બસનું ટાયર શરીર પરથી ફરી વળ્યું

સુરતઃ સરથાણામાં રહેતી 22 વર્ષીય યુવતીનું કાપોદ્રા ધારુકાવાલા કોલેજ સામેના બ્રિજ પર એસટી બસની અડફેટે મોત નીપજ્યું હતું. નોકરી પરથી ભાઈ સાથે બાઈક પર ઘરે પરત ફરી રહેલી યુવતીની બાઈકને પાછળથી બસે ટક્કર મારતાં તે રોડ પર પટકાઈ હતી. ત્યારબાદ બસનું પાછળનું ટાયર તેના શરીર પરથી ફરી વળતાં ગંભીર ઈજા પહોંચી હતી. યુવતીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. જ્યારે બાઈક ચલાવી રહેલા ભાઈને સામાન્ય ઈજા થઈ હતી.

મળતી માહિતી મુજબ, મુળ ભાવનગર પાલીતાણાના વતની 22 વર્ષીય હેન્સી હરેશભાઈ માવાણી હાલમાં સરથાણા વિસ્તારમાં આવેલા વાલમનગરમાં તેના કાકા સાથે રહેતી હતી. હેન્સી લાલ દરવાજા ખાતે આવેલી જ્વેલરીની ઓફિસમાં નોકરી કરતી હતી અને પોતાની આવકમાંથી વતનમાં રહેતા માતા-પિતાને આર્થિક મદદરૂપ થતી હતી. તેનો ભાઈ દીશાર્ક પણ મીની બજાર ખાતે આવેલી જ્વેલરીની ઓફિસમાં નોકરી

...અનુસંધાન પાના 9 પર

# સુરતમાં ઈરાન-ચાઈનાનું લસણ ઠલવાયું

**સૂકા** લસણની ડિમાન્ડ સામે સપ્લાય ઓછી વિદેશથી લસણ મંગાવવું પડ્યું : બાબુભાઈ શેખ

**ડિમાન્ડ** સામે 60 ટકા જ લસણ આવતા મણનો 4000 રૂપિયા ભાવ

સુરતઃ રોજની 50 થી 60 ટન ડિમાન્ડ સામે 30થી 40 ટન લસણનો જથ્થો જ આવતા સુરત એપીએમસીમાં મણ લસણના સોદા 4,000 રૂપિયે થયા હતા.

સુરત અને દક્ષિણ ગુજરાતમાં સૂકા લસણની અછત દૂર કરવા સુરતના વેપારીઓએ ઈમ્પોર્ટરોને ઓર્ડર આપી ચીન અને ઈરાનથી આવેલા સુકા લસણના કન્ટેનરો મુન્દ્રા તથા ન્હાવા શેવા ઉપરાંત કોચીન બંદરો પરથી જ ખરીદી લીધા હોવાનું જાણવા મળ્યું છે. 2024માં ઈરાનથી 10,082 ટન જેટલું (10.08 મિલિયન કિલો) ભારત આવ્યું હતું. એ પછી ચાલુ વર્ષે ચીનમાંથી આયાતના 27 અને ઈરાનમાંથી 7 શિપમેન્ટ ભરી સુકું લસણ આવ્યું છે.દેશભરમાં ઈમ્પોર્ટર એનું વેચાણ કરશે. સુરત એપીએમસી.ના ડિરેક્ટર બાબુભાઈ શેખે જણાવ્યું હતું કે, મોટી કળીના સુકા લસણ 20 કિલો આ જે 4,000 રૂપિયે વેચાયા હતાં. જ્યારે નાની કળીના લસણ 1,400 રૂપિયાના ભાવે વેચાયા હતાં. સુરતમાં સૂકા લસણની ડિમાન્ડ સામે સપ્લાય ઓછી રહેતા ચીનથી સુકું લસણ સરહદી વિસ્તારોમાંથી દક્ષિણ ભારત પહોંચી ત્યાંથી સુરત વેચાણ માટે આવ્યું છે. ઈરાનનું સુકું લસણ મુંબઈ થઈ સુરતમાં આવ્યું છે.પરંતુ ગૃહિણીઓને એનો ટેસ્ટ પસંદ આવ્યો નથી.સુરતમાં



આર્થિક રીતે સાધન સંપન્ન પરિવારો એપ્રિલ અને મે મહિના દરમિયાન આખું વર્ષ ચાલે એટલું સુકું લસણ ભરે છે.કાશ્મીરી લાલ કલરનું લસણ કોઈપણ જાતની દવાઓના છંટકાવ વિના બરફ પ્રદેશમાં ઉત્પન્ન થાય છે.એ લસણ સૌથી સારી ગુણવત્તાનું ગણાય છે.એવી જ રીતે હિમાચલ પ્રદેશનું સારી ગુણવત્તાનું અને સૌથી મોંઘુ લસણ પણ આવે છે.પણ એ લસણ ઉચ્ચ ગુણવત્તાનું મોંઘુ હોવાથી સુરતમાં એનું વેચાણ નહીવત પ્રમાણમાં થાય છે.

બાબુભાઈ શેખ કહે છે કે,સુકું લસણ પકવવા માટે વાતાવરણમાં ઠંડીની ખૂબ જરૂરિયાત રહે છે. છેલ્લા ત્રણેક વર્ષથી ગુજરાત, મધ્યપ્રદેશ,રાજસ્થાનમાં જે વિસ્તારોમાં લસણ પાકે છે ત્યાં ઠંડીનું પ્રમાણ ઘટવા અને ગરમી વધવાને લીધે લસણના ઉત્પાદનમાં મોટો ઘટાડો થયો છે.એને લીધે સુરતના બજારોમાં છૂટક લસણ 200 થી 320 રૂપિયે કિલો વેચાઈ રહ્યું છે .સુરતમાં સુકું લસણ મધ્યપ્રદેશના નિમચ,

...અનુસંધાન પાના 9 પર

# 15 મિનીટના ઝાપટામાં અઠવા, ઉધના અને વરાછા જળબંબાકાર

**પોણા** બે ઈંચ વરસાદમાં ઘૂંટણસમા પાણી ભરાયા, મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામ

**દર** ચોમાસે એકસરખી સ્થિતિ છતાં કાયમી ઉકેલ નહીં



સુરત : સવારથી ભારે ઉકળાટ અને અસહ્ય બફારાથી ત્રસ્ત સુરતીઓ માટે બપોરે મેઘરાજાએ રાહતનો વરસાદ વરસાવ્યો હતો. બપોરે એકાદ વાગ્યા બાદ અચાનક આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાયું હતું અને પવન સાથે ગાજવીજનો માહોલ સર્જાયા બાદ શહેરના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો. આશરે દોઢ કલાક સુધી વરસાદી માહોલ રહેતા શહેરમાં પોણા બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જોકે, વરસાદના કારણે ખાસ કરીને ઉધના અને વરાછા વિસ્તારમાં રસ્તાઓ જળબંબાકાર બનતા વાહનચાલકો ભારે હાલાકીમાં મુકાયા હતા. ઉધના રોડ પર અનેક સ્થળોએ ઘૂંટણસમા પાણી ભરાઈ

...અનુસંધાન પાના 9 પર

### રવિવારે વરસેલો વરસાદ

| | |
|---|---|
| સેન્ટ્રલ ઝોન | 39 મીમી |
| રાંદેર ઝોન | 13 મીમી |
| કતારગામ ઝોન | 21 મીમી |
| વરાછા એ-ઝોન | 00 |
| વારાછા બી-ઝોન | 05મીમી |
| લિંબાયત ઝોન | 04 મીમી |
| અઠવા ઝોન | 18 મીમી |
| ઉધના ઝોન | 03 મીમી |

### ક્યા વિસ્તારોમાં પાણી ભરાયા?

- » ઉધના-નવસારી રોડ અને ઉધના દરવાજા ઘૂંટણસમા પાણી ભરાયા
- » વરાછા મેન રોડ પર અને કુણનગર રોડના રસ્તા પર પાણી ફરી વળતા વાહનચાલકો પરેશાન
- » અણુવ્રત દ્વાર, સિટીલાઇટ, શ્યામ મંદિર વીઆઇપી રોડ
- » મક્કાઇપુલ રવિવારી બજાર
- » વેસુ આઇકોનિક રોડ

# TAT-Sમાં અફવાથી સમાજ પર થતી અસર જેવા પ્રશ્નો

**વાલીઓ** શિક્ષકો પાસેથી શું અપેક્ષા રાખે છે?

**પરીક્ષામાં** ધો.9ના બાળકના સર્વાંગી વિકાસનો પણ સવાલ

**પેપર-1માં** 14,903 અને પેપર-2માં 14,890 ઉમેદવારો હાજર રહ્યા

સુરતઃ ભાવિ શિક્ષક બનવા માટે ઉમેદવારોએ આપેલી TAT-S મુખ્ય પરીક્ષામાં માત્ર પાઠ્યપુસ્તકના જ્ઞાનની ચકાસણી કરવામાં આવી ન હતી, પરંતુ શિક્ષક તરીકેની સમજ, સામાજિક સંવેદનશીલતા, અભિવ્યક્તિ અને બદલાતા સમય સાથે વિચારવાની ક્ષમતાની પણ કસોટી કરવામાં આવી હતી. રવિવારે સુરતમાં યોજાયેલી પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી. ખાસ કરીને ગુજરાતી વિષયના પ્રશ્નપત્રમાં શિક્ષકની વાસ્તવિક ભૂમિકા સાથે જોડાયેલા પ્રશ્નોને પ્રાધાન્ય મળતાં ભાવિ શિક્ષકો માટે પરીક્ષા 'કેટલું ભણ્યા?'કરતાં 'કેટલું સમજો છો?'ની કસોટી બની હતી.

સુરતમાં TAT-S મુખ્ય પરીક્ષા માટે કુલ 15,958 ઉમેદવારોએ નોંધણી કરાવી હતી. તેમાંથી પેપર-1માં 14,903 અને પેપર-2માં 14,890 ઉમેદવારો હાજર રહ્યા હતા. બંને પેપરમાં હાજરીનું પ્રમાણ 93 ટકાથી વધુ રહ્યું હતું. પરીક્ષા માટે શહેરમાં 84 બિલ્ડિંગમાં 806 બ્લોકની વ્યવસ્થા

...અનુસંધાન પાના 9 પર

### 'ભવિષ્યના શિક્ષક'ને ધ્યાનમાં રાખીને પ્રશ્નોની રચના

TAT-S મુખ્ય પરીક્ષાના પ્રશ્નપત્રમાં એકંદરે વિદ્યાર્થી, વાલી, શિક્ષક, સમાજ અને નવી ટેક્નોલોજી વચ્ચેના બદલાતા સંબંધોને સ્પર્શતા મુદ્દાઓ જોવા મળ્યા હતા. એટલે પરીક્ષાનું સ્વરૂપ માત્ર વિષયના જ્ઞાનની ચકાસણી કરતું ન રહી ભાવિ શિક્ષકની વિચારસરણી, અભિવ્યક્તિ, સામાજિક સમજ અને વર્તમાન પડકારોને જોવાની દૃષ્ટિની કસોટી કરતું જોવા મળ્યું હતું.

**ગણેશ શોભાયાત્રામાં કાર બાઇકને અડી જતાં વિવાદ થયો હતો**

# સરોલીના યુવાન અમિષ પટેલના મૃત્યુંના કેસમાં સાતની ધરપકડ

**પોલીસે** સાપરાધ મનુષ્યવધનો ગુનો દાખલ કર્યો

**આરોપીઓએ** માર મારી પીછો કરતાં ભાગવાની કોશિશમાં કાર દિવાલ સાથે અથડાઇ હતી



સાયણ: ઓલપાડ તાલુકાના સરોલી ગામના ૪૬ વર્ષીય અમિષભાઇ ગણપતભાઇ પટેલના અરિયાણા ગામે કાર અકસ્માતના શંકાસ્પદ મોત મામલે પોલીસની તપાસમાં અકસ્માત ગુનાની કલમમાં સાપરાધ માનવવધ, રાયોટિંગ સહિતની વિવિધ કલમો ઉમેરી પોલીસે ૦૭ આરોપીઓની ધરપકડ કરી છે. જો

...અનુસંધાન પાના 9 પર

### આ લોકો મને મારી નાંખશે

કારમાં ભાગતી વખતે અમિષ પટેલે મિત્ર સાથે મોબાઇલ ઉપર ફોન કરીને આ લોકો મને મારી નાંખશે. તેવી વાત કરી હતી જે ઓડિયો ક્લિપ પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઇ હતી. સીસીટીવી ફૂટેજમાં પણ જ્યારે આ ઘટના સમયે સ્થળે અમિષ પટેલની કાર પાછળ પીછો કરેલ આવેલ એક અન્ય કાર આવીને ઊભેલી જણાઇ હતી.

### પોલીસ તપાસમાં આ ગુનામાં ઝડપાયેલ ૦૭ આરોપીઓની ભૂમિકા

આ ગુનાની પોલીસ તપાસ દરમ્યાન જણાયું હતું કે,પિંજરતના આરોપી જીગર નરેશ પટેલે દિહેણ રોડ ઉપર પોતાની બાઇક આડી મૂકીને તથા દિહેણના અન્ય આરોપી નીલ ભરતભાઈ પટેલે દિહેણ રોડ ઉપર જ્યાં મોપેડને અકસ્માત થયો હતો કર્યો હતો. જગ્યાએ મૃતક અમિષ પટેલની કારને આંતરી રોકવાનો પ્રયાસ કરતા અમિષ પટેલ ફસાયો હતો. જોકે મૃતક અમિષ

...અનુસંધાન પાના 9 પર

### આજે કોળી સમાજ રેલી કાઢી આવેદનપત્ર આપશે

મૃતકના નાનાભાઇ નલીન પટેલને પોલીસને તપાસ પ્રત્યે અસંતોષ વ્યક્ત કરી રોષ ઠાલવતા કહ્યું કે,અમોએ વિવિધ પુરાવાના આધારે કરેલ તપાસમાં જણાયું છે કે,મારા મોટાભાઇનું મોત અકસ્માતથી થયું જ નથી,પણ તેનું મર્ડર કરવામાં આવ્યું છે.પોલીસે રાજકીય દબાણ હેઠળ તપાસ કરી સંતોષ માન્યો છે,પરંતુ અમો પરિવારને આ તપાસથી સંતોષ ન હોવાથી

...અનુસંધાન પાના 9 પર


અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

અવસાન,બેસણું,શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



દુઃખદ અવસાન – સંયુક્ત બેસણું



સ્વ. જસમતભાઈ મોરારભાઈ પટેલ (રાજા)
સ્વ. ૨૦/૦૯/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પતિશ્રી જસમતભાઈ મોરારભાઈ પટેલ (રાજા) નું તા. ૨૦/૦૯/૨૦૨૬ ને રવિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

સદ્‌ગતનું સંયુક્ત બેસણું : તા. ૨૧/૦૯/૨૦૨૬, સોમવારના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ કલાક અમારા નિવાસસ્થાને રાખેલ છે.

લિ. ગં.સ્વ. રતુબેન જસમતભાઈ પટેલ

કાન્તિભાઈ મોરારભાઈ પટેલ | દિપનભાઈ જસમતભાઈ પટેલ
ગમનભાઈ મોરારભાઈ પટેલ | અંકીતાબેન દિપનભાઈ પટેલ
પ્રફુલભાઈ જસમતભાઈ પટેલ | વીર, હેડી તથા સમસ્ત રાજા પરિવાર

શ્વસુર પક્ષ: સ્વ. કીકાભાઇ મગનભાઈ પટેલ | સ્વ. ગમનભાઈ મગનભાઈ પટેલ
જયંતીભાઈ મગનભાઈ પટેલ | નવીનભાઈ મગનભાઈ પટેલ
સ્વ. ચંદુભાઇ મગનભાઈ પટેલ | તથા સમસ્ત રાજા પરિવાર

નિવાસ સ્થાન : નવી બેંક ઓફ બરોડાની બાજુમાં, પાદર સ્ટ્રીટ, રૂંઢ મગદલ્લા, સુરત



॥ શ્રી વીસા પોરવાડ રૂવાઈ જ્ઞાતિ ॥
પ્રાર્થના સભા



સ્વ. કિરણબેન કીર્તિકુમાર શ્રોફ

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા સ્વજન કિરણબેન કીર્તિકુમાર શ્રોફ નું તા. ૧૯-૦૯-૨૦૨૬, શનિવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
તેઓના સદ્‌ગુણોનું સ્મરણ કરવા માટે પ્રાર્થનાસભા સોમવારના રોજ તા. ૨૧.૦૯.૨૦૨૬, સાંજે ૪:30 થી ૬:00 કલાકે BPAH મલ્ટી પરપઝ હોલ શ્રી સુરત પાંજરાપોળ, ઘોડ દોડ રોડ, સુરત મુકામે રાખેલ છે.

લિ. કીર્તિકુમાર કાંતિલાલ શ્રોફ

પ્રતિક – આરતી શ્રોફ | બીના પરેશ શાહ | સમીર – જહાન્વી શ્રોફ
રોહન - આશિ | કનિકા શાહ | વિશાલ – પરિશી
મીતી-નીકેત | નીરાલી – સમર્થ – પ્રાહી - હિંદવ
શનાયા

શેઠ દલીચંદ વીરચંદ શ્રોફ પરિવાર



બીજી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. ડેવિડભાઈ રાજુભાઈ ભાજીવાલા
જન્મ તા. ૨૩/૦૮/૧૯૮૭
સ્વ. તા. ૨૧/૦૯/૨૦૨૪

દરિયા જેવું નિખાલસ હૃદય,
હિમાલય જેવું પવિત્ર હાસ્ય,
સર્વપ્રત્યે અખુટ લાગણી સાથેનો
આપનો આનંદી અને માયાળુ સ્વભાવ,
વ્યવહાર, કુશળતા, સંસ્કાર અને
સ્નેહભાવનાની સુવાસ કદી ભુલાશે નહી.
પ્રભુ તમારા દિવ્ય આત્માને
પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

લિ. ગં.સ્વ. હેતલબેન ડેવિડભાઈ ભાજીવાલા

સ્વ. લક્ષ્મણભાઈ ભાણાભાઈ ભાજીવાલા | સ્વ. રતુબેન લક્ષ્મણભાઈ ભાજીવાલા
ઈશ્વરભાઈ લક્ષ્મણભાઈ ભાજીવાલા | કલ્પનાબેન ઈશ્વરભાઈ ભાજીવાલા
ફરસુરામ લક્ષ્મણભાઈ ભાજીવાલા | હેમુબેન ફરસુરામ ભાજીવાલા
રાજુભાઈ લક્ષ્મણભાઈ ભાજીવાલા | જયશ્રીબેન રાજુભાઈ ભાજીવાલા
ધર્મેશભાઈ ફરસુરામ ભાજીવાલા | ભાવીશાબેન ધર્મેશભાઈ ભાજીવાલા
સ્વ. યોગેશભાઈ ઈશ્વરભાઈ ભાજીવાલા | ગં.સ્વ. રીનાબેન યોગેશભાઈ ભાજીવાલા
નિમેષભાઈ ઈશ્વરભાઈ ભાજીવાલા | નિલમબેન નિમેષભાઈ ભાજીવાલા
જયનેશભાઈ ઈશ્વરભાઈ ભાજીવાલા | નિરાલીબેન જયનેશભાઈ ભાજીવાલા
આર્ચી, જીત, દિવ્ય, દ્રષ્ટી, મિત્સી, નિયતી, હેરીન, નૈત્ર, હેલ્સ, શીવ તેમજ સમસ્ત ભાજીવાલા પરિવાર

સ્થળ : ૩૧૫, પોપટ મહોલ્લો, વેસુગામ, સુરત-૩૯૫૦૦૭